સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય. ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી, એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ.

— **ગુણવંત શાહ**

•

મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે. એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગી. એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે.

— **પ્રકાશ ન. શાહ**

સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ


સંપાદક

**મણિભાઈ પ્રજાપતિ**



**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

કડી 2024

Sarva Vidyālaya Kadinā
Rushikul Paramparānā Āchārya
Shri Manubhai J. Patel Abhivādangranth
Edited by Manibhai Prajapati.
Published By Vallabhbhai M. Patel
Chairman, Sarva Vidyalay Kelavani Mandal, Kadi-382715

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, 2024

પૃષ્ઠ : 20+376

કિંમત ₹ 700

પ્રકાશક
**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન
**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,**
સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશન સામે,
કડી, જિ. મહેસાણા, ગુજરાત - 382715

લે-આઉટ-ટાઇપસેટિંગ
**શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 079-26564279 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

મુદ્રક
**ભગવતી ઑફસેટ**
સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
M. 9825326202 email : bhagwatioffset@yahoo.com

वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।।

(कालिदास, रघु. १/१)


મારા શિક્ષકત્વ/આચાર્યત્વના ઘડતરમાં જેમનાં જ્ઞાન-ભક્તિ-કર્મયોગથી રસાયેલા વિશુદ્ધ આચરણમાંથી મને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જીવન જીવવાનું સંતર્પક ભાથું મળ્યું છે તેવા શિક્ષણ/સમાજજીવનના પ્રાતઃવંદનીય મૂઠી ઊંચેરા જ્યોતિર્ધરો, સર્વશ્રી :



પૂ. છગનભા
(1863-1940)



શ્રી માણેકલાલ એમ. પટેલ
(1926-2012)




શ્રી છગનભાઈ કા. પટેલ
(1902-1971)



શ્રી નાથાભાઈ ના. દેસાઈ
(1909-1971)



શ્રી મોહનલાલ પટેલ
(1927-2020)



ડૉ. દ્વારકાદાસ જોશી
(1917-2009)



ડૉ. વસંત પરીખ
(1929-2007)

ની પાવનસ્મૃતિમાં ઋણસ્વીકારની ભાવના સાથે

**'त्वदीयं वस्तु तुभ्यम् समर्पये'**

સાદર અર્પણ

સ્થળ : કડી
તા. 21 જાન્યુઆરી, 2024

**મનુભાઈ જે પટેલ**

# અનુક્રમ


- મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાનો દસ્તાવેજ — ડૉ. કુમારપાળ દેસાઈ [7]
- ચૅરમૅનશ્રીનું નિવેદન — વલ્લભભાઈ એમ. પટેલ [9]
- સંપાદકીય — મણિભાઈ પ્રજાપતિ [11]

**1. ગુરુવર્યો, કર્મશીલો તથા શિક્ષણવિદોના પ્રતિભાવો**

1. આદર્શ આચાર્ય — સાધુ ભક્તિપ્રિયદાસ..........1
2. જન્મજાત શિક્ષક અને ગાંધીવાદના હિમાયતી — સ્વામી સચ્ચિદાનંદ.........2
3. આચાર્ય શ્રી મનુભાઈ એક અનોખા વિદ્યાપુરુષ — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી.........4
4. આદર્શ આચાર્ય — ગુણવંત શાહ..........6
5. જાહેરજીવનનો વિદ્યાજોદ્ધો — પ્રકાશ ન. શાહ.........7
6. મનુભાઈ પટેલ : વિશિષ્ટ વ્યક્તિત્વ — મનસુખ સલ્લા..........9
7. ઋષિ જેવા આપણા મનુભાઈ પટેલ — વિઠ્ઠલભાઈ અં. પટેલ........10
8. 'મનુર્ભવ' એ વેદવચન ચરિતાર્થ કરનાર માનવ, મહામાનવ: પુણ્યશ્લોક શ્રી મનુભાઈ પટેલ — પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ........13
9. સર્વતોમુખી પ્રતિભા — તુલસીભાઈ પટેલ........15
10. બહુમુખી પ્રતિભાવાન આચાર્ય — આર. સી. રાવલ........18
11. યશસ્વી આચાર્ય અને લોકસેવક — પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ....... 21
12. એ મનુકાકા હવે અમારા મનુકાકા — તુલા-સંજય....... 23
13. આચાર્યકુળના પ્રમુખ — ડૉ. મિહિર જોષી....... 25
14. એક મૂલ્યનિષ્ઠ આચાર્યશ્રી — પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ....... 26
15. મક્કમ મનોબળના માનવી — રણછોડ શાહ....... 28
16. કેળવણીના કર્ણધાર — ડૉ. કાનજીભાઈ વી. પટેલ........31
17. એક સ્થિતિપ્રજ્ઞ સારસ્વત — ડૉ. પ્રભુદાસ પટેલ....... 35
18. શિક્ષણના જ્યોતિર્ધર — પ્રિ. નર્મદ ત્રિવેદી....... 38

## 2. સર્વ વિદ્યાલય પરિવારનો શ્રદ્ધાભાવ


19. સર્વપ્રિય આચાર્યશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ....... 41
20. સર્વ વિદ્યાલયની અણમોલ ધરોહર વલ્લભભાઈ એમ. પટેલ....... 45
21. ઋષિતુલ્ય આચાર્ય મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી)....... 49
22. તપોનિધિ આચાર્યશ્રી ડૉ. રમણભાઈ જી. પટેલ....... 50
23. શ્રદ્ધેય શ્રી મનુભાઈ સાહેબ લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ એમ. પટેલ....... 53
24. સંવેદનશીલ કેળવણીપુરુષ ડૉ. જયંતીભાઈ એમ. પટેલ....... 55
25. વંદનીય ગૌરવપુરુષ કિરીટભાઈ આર. પટેલ....... 57
26. ઋષિકુળ પરંપરાના આચાર્ય મણિભાઈ પ્રજાપતિ....... 60
27. પ્રેરણાસ્રોત આચાર્યશ્રી ફુલજીભાઈ ડી. પટેલ .... 67
28. ઉત્તમ આચાર્યશ્રી કનુભાઈ એસ. પટેલ....... 72
29. સંસ્થાભક્ત મનુદાદા હરિલાલ વરમોરા....... 73
30. સાધુચરિત વ્યક્તિત્વ કનુભાઈ આઈ. પટેલ .... 76
31. મૂલ્યનિષ્ઠ મનેખ.... શ્યામજીભાઈ એમ. દેસાઈ....... 80
32. સર્વ વિદ્યાલયને સમર્પિત આચાર્યશ્રી જિતુભાઈ સી. નાયક....... 86
33. ઔદાર્ય આભ મનુભાઈ એસ. સોલંકી....... 87
34. પ્રેરક વ્યક્તિત્વ લલિત ગજ્જર....... 89
35. સૌમ્યમૂર્તિ સાહેબ માણેકલાલ એમ. પટેલ....... 92
36. પથદર્શક આચાર્યશ્રી જયંતીભાઈ પટેલ....... 94


## 3. શિષ્યોની ગુરુવંદના


37. મારા બાળપણના વિદ્યાગુરુ આચાર્ય મૃદુરત્નસાગરસૂરિ....... 96
38. આધુનિક કાળના ઋષિ મયૂર કનૈયાલાલ પટેલ....... 97
39. સેવાના ભેખધારી જે. એમ. સુથાર....... 99
40. જીવનઘડતરના પ્રેરણામૂર્તિ ડૉ. સિદ્ધાર્થ શુક્લ...... 100
41. મહાત્માસમ શ્રી મનુદાદા ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ...... 101
42. કર્મયોગી શિક્ષક અને આચાર્ય ડૉ. સુરેશ સી. પંડ્યા...... 104
43. પથદર્શકનાં દર્શન મહેન્દ્રભાઈ આર. પટેલ...... 106
શ્રીમતી ઉષાબહેન એમ. પટેલ
44. પૂજ્ય મનુદાદા મહિપતસિંહ ડોડિયા...... 107
45. અમારા કર્મનિષ્ઠ ગુરુવર્યના જીવનનું વાસ્તવિક સત્ય
નરેન્દ્ર પટેલ...... 109
46. મનુભાઈ સાહેબ વ્યક્તિ નહીં, એક સંસ્થા મહેશ મહેતા...... 112
47. આદર્શ આચાર્યનું જીવંત ઉદાહરણ ભાનુપ્રસાદ એન. રાજગોર...... 115
48. પૂજ્ય ગુરુજી સાથેનાં વર્ષ 1967-68નાં સંસ્મરણો ડૉ. ચુનીલાલ ડી. પટેલ...... 118

49. સિપોરવાસીઓનાં હૃદયકમળમાં બિરાજમાન પ્રો. ડૉ. વિનોદચંદ્ર બી. પટેલ.....120
50. વિદ્યાર્થીઓના શિલ્પી મનુદાદા કે. બી. પટેલ.....122
51. આત્મીયજન ગુરુવર્ય મહેશકુમાર બાબુલાલ શાહ.....125
52. સંનિષ્ઠ કેળવણીકાર બાબુભાઈ ગંગારામ પટેલ.....126
53. ગુરુવંદના રમણભાઈ એમ. પટેલ.....128
54. શિક્ષણના યુગઋષિ રમણભાઈ ભીખાભાઈ પટેલ.....130
55. નિષ્કામ કર્મયોગી મહેશ મણિલાલ પટેલ.....132
56. મારા જીવનના રાહબર બાબુભાઈ કે. પટેલ.....134
57. અમારા વિદ્યાગુરુ અને માર્ગદર્શક નરોત્તમભાઈ આર. ઉપાધ્યાય.....138
58. ભણતર સાથે ઘડતર ભરતભાઈ બી. વૈદ્ય.....140
59. મનુભાઈ સાહેબ એટલે સિપોર, સિપોર એટલે મનુભાઈ
બાબુભાઈ એન. શ્રીમાળી.....141
60. પારસમણિનો સ્પર્શ જિતેન્દ્રકુમાર સુખડિયા.....143
61. કેળવણી પુરુષ શૈલેશ શાહ.....144
62. ભાવિ ભારતની ધરોહર પૂ. મનુ દાદા પ્રકાશ જી. કૈલા.....146

## 4. શિક્ષક/આચાર્ય/કર્મચારી પરિવારનાં સ્નેહ સંભારણાં

63. સંસ્કૃતિપુરુષ – જ્યોતિર્ધર ડૉ. રાજુજી એમ. પરમાર.....148
64. શિક્ષણના આજીવન ભેખધારી ડૉ. માનસિંહભાઈ જે. ચૌધરી.....150
65. કર્મયોગી શ્રી મનુભાઈ પટેલ નાથાભાઈ જોઈતારામભાઈ પટેલ.....153
66. કર્મયોગી મનુભાઈ ડાહ્યાભાઈ એન. પટેલ.....155
67. શિક્ષણરત્ન મનુભાઈ મનુભાઈ જી. રાવલ.....158
68. કર્મ એ જ ભક્તિ અને કર્મ એ જ જ્ઞાનના ઉપાસક પ્રભુદાસ પટેલ.....160
69. આચાર્યકુળની ગરિમા ડાહ્યાભાઈ એમ. પટેલ.....162
70. આદર્શ અને સંનિષ્ઠ શિક્ષક રમણલાલ ઈ. પટેલ.....165
71. જીવન ઘડવૈયા રણછોડ કે. પટેલ.....166
72. આદર્શ વિદ્યાલયના આદર્શ આચાર્ય હસમુખભાઈ એમ. પટેલ.....168
73. આર્ષદ્રષ્ટા આચાર્યશ્રી વજેસિંહ આર. વાઘેલા.....170
74. કર્મયોગી કેળવણીકાર હિતેન્દ્રગીરી વી. ગોસાઈ.....172
75. પંચતીર્થનો સંગમ વિષ્ણુભાઈ ઈશ્વરદાસ પટેલ.....174

## 5. સ્નેહીજનોની સ્નેહવર્ષા

76. મારા પ્રેરણામૂર્તિ ડૉ. ડાહ્યાભાઈ. એસ. પટેલ.....175
77. જીવનશિક્ષણ પ્રદાતા અંબાલાલ આર. પટેલ.....178
78. પથદર્શક સાહેબશ્રી ડૉ. રેણુકા આર. સોલંકી.....180
79. સિપોર ગામની કેળવણીના પ્રેરણામૂર્તિ પ્રો. ડૉ. જાગૃતિ એમ. પટેલ......181

## 6. વતનનાં વહાલ


80. અમારા મનુકાકા — ચંદુલાલ હીરાલાલ પટેલ..... 183
81. સંવાદિતાના સાધક — નાથાલાલ જે. સથવારા..... 190
82. આજીવન સેવા સમર્પિત લોકસેવક — પ્રિ. સોમાભાઈ પટેલ 'સોમલ'..... 193
83. સત્ પ્રવૃત્તિના પ્રણેતા પ્રાતઃ સ્મરણીય અમારા મનુદાદા — વસંતભાઈ આત્મારામ પટેલ..... 195
84. નિરપેક્ષ અજાતશત્રુ પ્રતિભા — પ્રો. ભગીરથભાઈ એ. પટેલ..... 197
85. કુશળ વહીવટકર્તા — અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ..... 199
86. પૂજ્ય મનુકાકા — ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ..... 201
87. વંદનીય પ્રેરણામૂર્તિ — શોભનાબેન બાબુભાઈ પટેલ..... 203
88. ઉત્તમ કેળવણીકાર અને કુશળ વહીવટકર્તા — વિવેક પ્રહ્લાદભાઈ પટેલ..... 206
89. અનોખી પ્રતિભા — પ્રો. જિતેન્દ્ર કા. વ્યાસ..... 208
90. અવિસ્મરણીય મનુકાકા — પ્રો. ડૉ. મમતાબેન પંડિત..... 215
91. ગાંધીવિચારના ઉપાસક — પ્રો. ઇલાબેન કે. પટેલ..... 216
92. ચાણસ્માનું ગૌરવશીલ ઘરેણું — મહેન્દ્રભાઈ દેસાઈ..... 219
93. વહીવટી 'મનુકળા' — મણિલાલ એમ. પટેલ..... 220
94. મારી દૃષ્ટિએ — અશોકભાઈ સીતારામ પટેલ..... 222
95. ચાણસ્માનું ગૌરવ — સીતારામ કાશીરામ પટેલ..... 224
96. જાહેરજીવનનું વિલક્ષણ વ્યક્તિત્વ — મનુભાઈ શીવરામભાઈ. પટેલ..... 227
97. અદ્ભુત વ્યક્તિત્વ — નારાયણભાઈ આર. રાવળ..... 230
98. ઋષિતુલ્ય મનુકાકા — કેશુભાઈ કે. પટેલ..... 231
99. ચાણસ્મા નગરના મુઠ્ઠી ઊંચેરા માનવી... — ચંદુભાઈ એન. પટેલ..... 233
100. મૂઠી ઊંચેરા ગૌરવપુરુષ — વિષ્ણુભાઈ પી. પટેલ..... 235
101. કેળવણીના શિલ્પી — તારક રમણભાઈ પટેલ..... 236
102. અજાતશત્રુ — રજનીકાન્ત ભટ્ટ..... 238
103. આત્મીય શ્રી મનુકાકા — રોનક સુરેશભાઈ ભાવસાર..... 241
104. વિનમ્રતાની છાયા — સંદીપ પટેલ 'કસક'..... 242


## 7. કુટુંબીજનો અને સગાં-સંબંધીઓની અભિવંદના



105. અમારા 'રામ' — સુભદ્રાબેન નટવરલાલ પટેલ..... 243
106. हमने हर तरह के फूल हार में पिरो लिए — મહેન્દ્ર (મહેશ) જે. પટેલ..... 244
107. મનુભાઈ : અમારા મોટાભાઈ — કલ્પના (પન્ના) મહેન્દ્ર પટેલ..... 251
108. અમારા 'ભઈ'! — અરવિંદ મનુભાઈ પટેલ..... 253
109. સસરા નહીં સવાયા પિતા — શકુન્તલા અરવિંદ પટેલ..... 255
110. પૂજ્ય 'ભઈ' એટલે વટવૃક્ષ ! — રેણુકા નૈષધ પટેલ..... 256

111. મારા 'ભઈ' મારી જીવાદોરી — નીતા પરીખ.....257
112. અમારા બાપુજી 'વાત્સલ્યનો દરિયો!' — કિન્નરી(ચીકા) મહેન્દ્ર પટેલ.....259
113. અમારા બાપુજી! — કૃપાલિ (ભુન્ની) મહેન્દ્ર પટેલ.... 262
114. મારા મોટા સસરા : સ્નેહનું વટવૃક્ષ — રિયા હર્ષ મહેન્દ્ર પટેલ.... 264
115. Mara Dada (Mota Dada) — Rishva Ujjwal Patel.....265
116. My Biggest Cheerleader - Mara Dada — Devanshi Rahul Patel.... 266
117. પરમ પૂજ્ય મામા અમારા ઘડતરના ઘડવૈયા — મનીષ છનાલાલ પટેલ.... 267
118. દાદા અમારી દીવાદાંડી ! — અની બ્રિમલ પટેલ.....268
119. મનુપ્રસાદઃ અનોખા સ્નેહી-સગા! — કુ. ઇન્દુબેન પ્રહ્લાદભાઈ પટેલ.... 269
120. અમારા આદરણીય મનુકાકા — રતિલાલ(રતુભાઈ) જે. પટેલ, (રાંધેજા).....271

**પરિશિષ્ટો :**

1 આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબ સાથે પ્રશ્નોત્તરી — મણિભાઈ પ્રજાપતિ.....273
2 આચાર્યશ્રી મનુભાઈ પટેલના આચાર-વિચારના પ્રેરક પ્રસંગો — મણિભાઈ પ્રજાપતિ, ડૉ. ઊર્જિતા પટેલ.....306
3 આચાર્યશ્રી મનુભાઈ પટેલ વિશે કેટલાક અભિપ્રાયો — મણિભાઈ પ્રજાપતિ, ડૉ. ઊર્જિતા પટેલ......314
4 જીવન ઘટનાક્રમ .....325
5 વંશવૃક્ષ .....327
6 લેખક પરિચય કોશ .....329
7 તસવીરોના આયનામાં : આચાર્ય શ્રી મનુભાઈ પટેલ .....353

# આચાર્યશ્રી મનુભાઈ પટેલ વિશે કેટલાક અભિપ્રાયો


'આદર્શ' એટલે અરીસો. અરીસામાં
અવારનવાર ડોકિયું કરી બહારનું રૂપ
ઠીક કરી લઈએ છીએ તેમ આદર્શ-અરીસા-માં
નજર કરી આપણું આન્તર સ્વરૂપ
ઠીક કરતા રહેવું જોઈએ.

ક્યારેક તરુણ મિત્રો હસ્તાક્ષર માગે છે
અને આદર્શ અંગે અંગુલિનિર્દેશ કરવા કહે છે.
હું એક પંક્તિ લખી આપું છું:


'મળે ન આદર્શ કદી ઉછીના.'

આદર્શ બહારથી લાવી શકાતો નથી, અંદરથી
ઊગવો જોઈએ, રગરગમાં રમી રહેવો જોઈએ,
લોહીમાં ઘોળાવો જોઈએ. એ આપણું આન્તર સ્વ-
રૂપ સંમાર્જિત કરવામાં હંમેશાં સહાયકારક બની
રહો.

ઉમાશંકર જોશી


સિહોર : ૧૪-૨-૧૯૭૨

■ સંકલન : મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ


[illegible] વાતાવરણો અને નગર રચાડે
અને નગર ન એની સાથે ભળ્યા નહિ
[illegible] રીતે રચાયેલી ઊભી થઈ [illegible]
આ સંસ્થાને આંગણાં મેં [illegible] ભરી
ગયું. અહીંનાં બાળકોનાં મુખ પર જે
આનંદ, ઉત્સાહ, મુગ્ધતા ને નિર્દોષતાની ઝાંય
હતી તેમાં એ નવું ભાવિ ઝળકી રહ્યું છે.
તેમાં દીઠું હતું ને આપણાં ગ્રામજનોનાં
સંસ્કારિતાનાં અજવાળાં [illegible]
તેના પ્રતીક રૂપ [illegible]
[illegible]
[illegible]
[illegible]
આ પ્રવૃત્તિમાં [illegible] કરજો.


[illegible]

૧૫-૨-૭૨



[illegible]

૨૫-૨-૮૦



'ઉત્થાન'નો ઉપક્રમ ખરેખર અભિનંદનનો અધિકારી છે. નામ પણ સરસ શોધ્યું છે. એમાં ભાવના અને અભિલાષનું સૂચન છે. સારસ્વત પરિવારે સ્વીકારેલી જવાબદારીનું પણ એમાં સૂચન છે. શિક્ષણનો સમાજને કેન્દ્રમાં રાખીને જ ચાલે. એ વ્યક્તિને એવી રીતે વિકસાવે, જેથી સમાજ પણ વિકસે. 'ઉત્થાન' વિદ્યાર્થીનું ઉત્થાન સાધશે, પરિણામે શાળા અને સમાજનો ઉત્કર્ષ પણ સધાશે. કિશોર ગામે ખેરાળુ તાલુકાના સમસ્ત ઉત્થાનની જવાબદારી સંભાળી હોઈ એમ લાગે છે. આ ઉત્તમ પ્રયાસને મારી અનેકાનેક શુભેચ્છાઓ.

યશવન્ત શુક્લ

૧૪ ફેબ્રુ. '૭૨

● આજે તા. ૨૩/૧૦/૧૯૭૨ ના રોજ સિપોર આદર્શ શાળામાં વાર્ષિકોત્સવ નિમિત્તે આવવાનું થયું. શાળાનું ચોગાન, મકાન અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રો વગેરેનો પરિવાર આત્મિય લાગ્યો. શિસ્ત તેમજ વિદ્યાર્થી શિક્ષક વચ્ચેની સ્નેહગાંઠ જોઈને જ સમજી ગયો કે અન્યોન્ય પોત પોતાની રીતે કેવા ઓતપ્રોત છે! ફરી ફરી આવવાનું મન થાય એવું વાતાવરણ જોઈને આજે ય આનંદ થાય છે. આચાર્યશ્રી મનુભાઈ સુંદર વાતાવરણ સર્જી શક્યા છે. વળી આનંદમાં વધારો કરે એવા કવિ મિત્ર સુન્દરમ્ પણ આ ઉત્સવમાં સાથે હતા.

સિપોર — **પન્નાલાલ પટેલ**

તા. ૨૩/૧૦/૧૯૭૨

● 'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.'

— **સ્વામી સચ્ચિદાનંદ**

● શ્રી મનુભાઈ પટેલ મારાં વર્ષો જૂના પરિચિત આચાર્ય છે. તે જન્મજાત શિક્ષક છે અને ગાંધીવાદના હિમાયતી હોવાથી ગાંધીમૂલ્યોના પણ રક્ષક રહ્યા છે. આ બધાના કારણે મારી દૃષ્ટિએ એમનામાં ત્રણેય મૂલ્યોઃ 1. મની મોરલ 2. સેક્સ મોરલ 3. પાવર મોરલ હાજરાહાજર દેખાય છે. આવા ઘડાયેલા માણસો જ બીજાનું ઘડતર કરી શકતા હોય છે. પાટીદાર સમાજનું સદ્ભાગ્ય કહેવાય કે છગનબાપા દ્વારા ઘોર તપસ્યા પછી સ્થાપિત થયેલી કડીની સર્વ વિદ્યાલય સંસ્થાના પ્રમુખપદે શ્રી મનુભાઈની વરણી કરવામાં આવી છે. તેઓ કોઈ ખુરશી કે પદના જરા પણ લાલચી નથી. તેમ છતાં સૌ નેતાઓએ આગ્રહ કરીને એમને આ પદ પર બેસાડ્યા છે. તે ડહાપણનું કામ કર્યું ગણાય. મને ખાતરી છે કે પૂર્ણ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શ્રી મનુભાઈ પટેલ આ પદને દીપાવી બતાવશે અને સંસ્થા દ્વારા પાટીદાર સમાજને વધુ ને વધુ ગૌરવાન્વિત કરશે.

— **સ્વામી સચ્ચિદાનંદ**

● શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય. ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

— **ગુણવંત શાહ**

● આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી,

એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ.

— ગુણવંત શાહ

● "લગભગ વીસ વર્ષ પછી ફરીથી આ સંસ્થાની મુલાકાત લેતાં ત્યારનાં સ્મરણો અને આજના ભાવો મારા દિલમાં ઊઠ્યાં. સંસ્કારો, ભણતર અને આદર્શનો મંગળ સુમેળ છે. એની શુભ અસર સૌના મન ઉપર પડે એ સ્પષ્ટ વર્તાય છે. આચાર્યશ્રી મનુભાઈ ભાવનાશીલ આદર્શ આચાર્ય છે. આજના યુવાનો એક નવી ને પડકાર ભરેલી દુનિયામાં જવાના છે. એ માટે ઉત્તમ તૈયારીને પ્રેરણા એમને અહીં મળતાં રહો."

— ફાધર વાલેસ

● આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. વલ્લભ વિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં હું વર્ષ ૧૯૬૨-૬૩થી ૧૯૬૭-૬૮ દરમિયાન અધ્યાપક હતો. તે ગાળામાં આચાર્ય શ્રી મનુભાઈ બી.એડ્. ડિગ્રીની તાલીમ લેવા એ કૉલેજમાં જોડાયેલ હતા. એક અધ્યાપક તરીકે મારો તેમની સાથે નિકટનો સબંધ રહેતો. આચાર્યશ્રી મનુભાઈને એક ઉત્તમ કેળવણીકાર તરીકે મારા અંતરના અભિનંદન છે અને તેઓને પરમ કૃપાળુ પરમેશ્વર લાંબું નિરામય આયુષ્ય આપે તથા આવતાં વર્ષોમાં આરોગ્ય અને સમાજસેવામાં સુદીર્ઘ સેવા આપતા રહે તેવી શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે વંદન પાઠવું છું. કડી સર્વ વિદ્યાલય પરિવારને આચાર્ય શ્રી મનુભાઈનું જાહેર અભિવાદન યોજવા બદલ અભિનંદન.

— ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી

● મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે. એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગી. એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે.

— પ્રકાશ ન. શાહ

● આજે યુનિવર્સિટી સ્તરે પહોંચી ધમધમી રહેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું જે આભિજાત્ય મને સ્પર્શી ગયું છે તે પોતાના ઉત્તમ શિક્ષકો ને આચાર્યો માટેની એમની ભાવનું છે. કશીક સમજ ને કદરબૂઝ એને સારું ગળથૂથીગત છે કે શ્રેષ્ઠીઓ વચ્ચે શિક્ષકો છેક ખોવાઈ કે ગૌણ બની જતા નથી. બલકે, મોહનભાઈથી મનુભાઈ સુધીના શિક્ષકોને અહીં અનન્ય માન મળતું રહ્યું છે. મનુભાઈનું નામ એજ્યુકેશન કૉલેજ જોડે જોડાય કે આજે એ કેળવણી મંડળ (કડી)ના પ્રમુખ હોઈ શકે તે વિગત આ સંદર્ભમાં

તરત સાંભરે છે... સરોવરથી કમળ અને કમળથી સરોવર એમ બેઉ પરસ્પર શોભે છે ને, કંઈક એવો જ ઘાટ આ બૃહદ સંસ્થા અને એના શિક્ષકોનો વરતાય છે!

– **પ્રકાશ ન. શાહ**

● 'સંસ્થાને સમયે-સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે. એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. તેમની એમની શક્તિપરીક્ષા તો એ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી. એટલે ઈ.સ. 1984માં સર્વ વિદ્યાલયના આચાર્ય નિવૃત્ત થતાં, સિપોરના કેળવણી મંડળને સર્વ વિદ્યાલયના હિત ખાતર વિનવીને મનુભાઈની સેવાઓ મેળવી.... શ્રી મનુભાઈ પાસે કેળવણીકારની દૃષ્ટિ છે. એમની વિચારસરણી સ્વસ્થ છે. ચિંતન સાહિત્યના ચાહક છે. વહીવટ માટેનો ઉત્તમ વિવેક એમની પાસે છે. સંતુલિત સભાસંચાલન એમનો આગવો વિશેષ છે. એજન્ડા પરની સર્વ આઇટમો અંગેની ઝીણામાં ઝીણી વિગતોથી એ એટલા બધા વાકેફ હોય છે કે સભાનું કાર્ય કશા અવરોધ વગર, વેગીલું અને પ્રમુખશ્રીને યશ આપનારું બની રહે છે. આ કાર્ય કૌશલયુક્ત કલા છે એ કોઈ શ્રી મનુભાઈ પાસેથી જાણી શકે'

– **મોહનલાલ પટેલ**

● પ્રસંગોપાત્તની મિટિંગોમાં શ્રી મનુભાઈ સાથે મળવાનું થતાં કે મોબાઇલથી થતી વાતચીતોમાં કે પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનોમાં મને સાચા અર્થમાં એક વિદ્યાપુરુષ અને કેળવણીપુરુષનાં દર્શન થયાં છે. તેમનાં વિદગ્ધ ઉદ્‌બોધનોમાં તેમની પોતીકી કોઠાસૂઝ અને વ્યાપક વિષયોને આવરી લેતી વાંચનટેવનો પડઘો સંભળાય છે. સમાજના સ્વસ્થ અને સમરસ ઘડતર માટે તેમના વિચારો આચરણીય અનુભવ્યા છે. શ્વેત ખાદીનાં વસ્ત્રોની ભાવનાનું સાકાર સ્વરૂપ મેં તેમનામાં જોયું છે. તેમનું સરળ અને સ્પષ્ટ કથન સાંભળનારને પણ સ્પર્શી જાય તેવું હોય છે. ગાંધીજીવન મૂલ્યોનું તેમના આચાર-વિચારમાં સહજમાં દર્શન થાય છે. કોઈની લાગણીને ઠેસ ન પહોંચે તેટલી મૃદુતા અને સામેના વ્યક્તિને સાંભળવાની ધીરજમાં ઉમદા શિક્ષક/આચાર્યત્વની મને સહજમાં પ્રતીતિ થાય છે. મને તેમાંથી ઘણું શીખવાનું મળ્યું છે. તેમની સરળતાભરી જિંદગી અને બીજાને માટે જીવવાનું મને ખૂબ જ સ્પર્શી ગયું છે અને તેમને મારા ખાસ મિત્ર ગણતાં ગર્વ અનુભવું છું. આપણે બધા નસીબદાર છીએ કે આપણી સંસ્થાઓને અને આપણને મનુભાઈ મળ્યા.

– **વિઠ્ઠલભાઈ અં. પટેલ**

● આચાર્યશ્રી તરીકે પૂ. મનુભાઈ સાહેબે સર્વ વિદ્યાલયની મૂલ્યવર્ધિત ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાની શાખને દૃઢતર કરવાની સાથે તેના સંસ્કારસંપન્ન અને સમરસતાપૂર્ણ વાતાવરણના ઘડતરમાં વિશેષ રસ-રુચિ દાખવી હતી. તેમણે ગુરુકુળને સોહે તે રીતે સુચારુ શાળાપ્રશાસન માટે પ્રસ્થાપિત કરેલી ઉમદા પ્રણાલિઓ અને સંપન્ન કરેલાં કાર્યો આજે પણ રોલ મોડેલ સમાન પ્રેરણાદાયી બની રહ્યાં છે. અને ખાસ તો શાળાના વિદ્યાર્થીઓ માટે અને સવિશેષતઃ આશ્રમવાસી વિદ્યાર્થીઓને સાંધ્યપ્રવચનોમાં મુખ્ય ગૃહપતિ તરીકે

જીવન ઘડતરનું જે ભાથું પીરસતા રહ્યા હતા તે આજે પણ તત્કાલીન વિદ્યાર્થીઓ માટે પાથેય બની રહ્યું છે.

– **વલ્લભભાઈ એમ. પટેલ**

● મુ. શ્રી મનુભાઈ તો ભગવદ્ ગીતામાં નિર્દિષ્ટ નિષ્કામ ભક્તિ, કર્મ અને જ્ઞાનના 'ત્રિયોગી' બની રહ્યા છે. 'જ્ઞાનયોગ'ની તો એમણે જીવનભર સાધના કરી. સિપોર હાઈસ્કૂલના આચાર્ય, સર્વ વિદ્યાલય કડીના આચાર્ય-ડાયરેક્ટર, સર્વોદય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની એમની કર્તવ્યનિષ્ઠાના પ્રતાપે આ સંસ્થાઓ સાચા અર્થમાં 'વિદ્યાધામો' બન્યાં છે. જેનું બુદ્ધિચાતુર્ય માનવજાતની સમસ્યાઓના તાણાવાણા ઉકેલે, જેનો જ્ઞાનપ્રદીપ સમાજમાં પ્રસરેલો અજ્ઞાનતાનો અંધકાર ભેદી જ્ઞાનનાં તેજકિરણો પ્રગટાવે, જેની આંખોનું અમૃત ભાવોની મધુરતાનો અનુભવ કરાવે, જેનું વાણી-માધુર્ય પ્રેરણા-પીયૂષનું પાન કરાવી પશુતામાંથી માનવતા તરફ પ્રેરે, જેના હૃદયનું ગુણસૌંદર્ય દુનિયાની કુરૂપતાને સ્થાને સુંદરતાનું વાસંતી વાતાવરણ જન્માવે, જેની હૃદય-વીણાના તાર માનવ-કલ્યાણનું સંગીત રેલાવે, જેના રૂંવાડે-રૂંવાડે ઉદ્ભવેલો પરસેવો દુનિયાની મૂરઝાતી ફૂલવાડીને લહેરાવે, જેના વ્યક્તિત્વનાં સર્વ અંગો સમષ્ટિ સાથે અનુસંધાન કરે અને જેના પગલે-પગલે નવસર્જનનાં કમળ પ્રગટે તેને પુણ્યશ્લોક મહાપુરુષ જાણવો. આવા પુણ્યશ્લોક 'મહામાનવ'નું 'સન્માનપત્ર' આજથી 50 વર્ષ પૂર્વે લખવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું.

– **પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**

● મનુભાઈ સેવા અને સાદગીનો પર્યાય છે. એમના વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ લાગે છે કે અનેક સંસ્થાઓની જવાબદારીનો ભાર વહન કરતા હોવા છતાં કદાપિ એમણે એવો અણસાર આવવા દીધો નથી. એમનું ભાર વગરનું સહજ અને પ્રેમાળ વ્યક્તિત્વ એમના સંપર્કમાં આવનાર સૌએ અનુભવ્યું છે. શ્વેત કફની, પાયજામામાં એમનું વ્યક્તિત્વ દીપી ઊઠે છે. સાદગી, સરળતા અને સહજતાનું સૌંદર્ય એ એમનું શ્રેષ્ઠ આભૂષણ છે!

– **તુલસીભાઈ પટેલ**

● શ્રી મનુભાઈ સાહેબને પ્રથમ દૃષ્ટિએ નિહાળતાં જ સોમ્ય, સરળ અને મૃદુ સ્વભાવના આપણને પ્રતીત થાય. શિક્ષણક્ષેત્રે તેમણે મૂલ્યવાન યોગદાન આપી એક આદર્શ ને નિષ્ઠાવાન આચાર્ય તરીકેની તેમની સેવાઓની નોંધ લેતા આનંદ અને ગૌરવ અનુભવું છું. ખાસ નોંધ લેતાં તેમના વિશે એમ કહી શકું કે ગ્રામ્ય વિસ્તારના હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનોનાં ઉજ્જ્વળ ભવિષ્ય બનાવવામાં તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે.

– **મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી)**

આજે આ સંસ્થાની મુલાકાત લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ભાઈશ્રી મનુભાઈએ ધ્યેયનિષ્ઠાથી ધૂણી ધખાવી છે અને ઉત્સાહી સહકાર્યકરોની મદદથી આ સંસ્થાને આ જિલ્લાની એક આદર્શ સંસ્થામાં વિકસાવી છે એ જોઈ મને અંગત રીતે ગૌરવપૂર્ણ આનંદ

થયો. સંસ્થા એમની રાહબરી તળે સુંદરતમ બનતી રહેશે. એવી મારી દઢ ઈચ્છા છે.

સિપોર — પ્ર.ચી.પરીખ

તા. ૮/૧૨/૧૯૭૩ અધ્યક્ષ, રાજય પરીક્ષા બોર્ડ, અમદાવાદ

● 'હું આજે જે કંઈ છું તેમાં મનુભાઈ સાહેબે વર્ગમાં કે વર્ગખંડ બહાર આપેલા શિક્ષણનું મોટું યોગદાન છે.' આવું કહેતા તેમના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મેં સાંભળ્યા છે. સર્વ વિદ્યાલય કડીનું સદ્‌ભાગ્ય ગણું છું કે, મનુભાઈ જેવા આચાર્ય સંસ્થાને મળ્યાં. સર્વ વિદ્યાલય કડીમાં મનુભાઈને મેં કામ કરતા જોયા છે. શાળાનું જીવંત વાતાવરણ, તેમની નેતૃત્વશક્તિ, ઉત્તમ કોટીનું વ્યવસ્થાતંત્ર, બધાને સાથે લઈને ચાલવાની એક વિશિષ્ટ કુનેહ મનુભાઈમાં જોઈ છે. શાળામાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સતત ધમધમ્યા કરતી હોય તેનું પ્રેરકબળ તેઓ બની રહ્યા હતા.

— **આર. સી. રાવલ**

● તેઓ નખશિખ આજન્મ શિક્ષક છે. શિક્ષક-આચાર્ય હોવાનાં ગૌરવ અને શાલીનતા એમના વ્યક્તિત્વમાં સહજ રીતે જ દષ્ટિગોચર થતાં સૌને જોવા મળે છે. કડીની શિક્ષણસંસ્થાએ તેમને સેવાનિવૃત્તિ પછી પણ અદ્યાપિપર્યંત જોડી રાખીને તેમની સેવાનો લાભ લઈ રહી છે. સંસ્થા પોતાના કોઈ આચાર્ય નિવૃત્ત થાય એ પછી પોતાના કોઈ શિક્ષણધામનું નામ નિવૃત્ત આચાર્યના નામ સાથે જોડે એવી કલ્પના પણ ભાગ્યે જ થાય, પરંતુ આ કેળવણી મંડળે એમ.એડ્. કૉલેજનું નામ ''આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'' કરીને ઉચિત સન્માન કર્યું છે.

— **પ્રિ. સોમાભાઈ પટેલ**

● આપશ્રી સક્રિયતા સાથેની પ્રગતિશીલ અને સાર્થક ભૂમિકા ભજવતા રહ્યા છો. ગામની બધી જ જ્ઞાતિજનોમાં પથરાયેલી યોગ્ય વ્યક્તિઓને જોડવામાં આપની ભૂમિકાને બિરદાવવી રહી.

— **ચંદુલાલ હીરાલાલ પટેલ**

● સંવાદિતાના સાધક શ્રી મનુભાઈ જે. પટેલ મારા નિકટના મિત્ર છે. છેવાડાના માનવીનો વિચાર કરનાર ગાંધીવિચારને વરેલા, માદરે વતનમાં 'મનુકાકા'ના હુલામણા નામથી ઓળખાય છે. અદ્વેષ, મૈત્રી અને કરુણાના ઉપાસક છે.

— **નાથાલાલ જે. સથવારા**

● તેઓશ્રીનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. તેઓશ્રી શિસ્ત અને સત્યના આગ્રહી છે. તેઓશ્રી પ્રોગ્રામ મેનેજમેન્ટ સારી રીતે કરી શકે છે. આ અંગેનો અનુભવ ચાણસ્માના રામજીમંદિર શતાબ્દી મહોત્સવમાં થયો.

— **અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ**

● મનુભાઈ હાડોહાડ શિક્ષક છે. તેમના હૈયે સતત વિદ્યાર્થી, વાલી, શિક્ષક અને શિક્ષણ હોવાથી શિક્ષણને અવરોધરૂપ બને તે બાબતોથી તેઓ દૂર રહેતા. વળી મૂલ્યોના અત્યંત આગ્રહી હોવાથી સતત વિચાર અને આચારશુદ્ધિ શિક્ષણમાં દરેક તબક્કે હોવી જ જોઈએ તેવું તેમનું દૃઢ મંતવ્ય છે. અન્યોને પોતાની વાતો શાંતિથી પણ મક્કમતાપૂર્વક રજૂ કરી સમજાવતા, ગળે ઉતારતા મેં તેઓશ્રીને અનેક વાર જોયા છે. 'આચરે તે આચાર્ય'નું સૂત્ર શ્રી મનુભાઈએ પોતાના ઉદાહરણ દ્વારા સમાજ સમક્ષ સાબિત કર્યું છે. ગાંધી જીવનમૂલ્યોને પોતાનાં વર્તન અને વ્યવહાર દ્વારા અનેક વખત ચરિતાર્થ કરતા નજરે પડ્યા છે.

– **રણછોડ શાહ**

● શ્રી મનુભાઈની આગવી શાખને લઈ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદને દીપાવ્યું. રાજ્યના આચાર્યોને ઉત્તમ નેતૃત્વ પૂરું પાડ્યું. સિપોર કેળવણી મંડળે તેમની વિદાય ટાણે તેમની માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યપદની સેવા, આચાર્ય સંઘની સેવા, ગ્રામ્યકક્ષાએ શિક્ષણપ્રેરક અને પૂરક પ્રવૃત્તિઓમાં સહભાગીતાને લઈ, શાળાબાગને 'મનુ સ્મૃતિવન' એવું નામકરણ કરી તકતી લગાવી બાગને મઘમઘતો રાખ્યો. આજે પણ તેમની હયાતી પ્રદર્શિત થતી જણાય છે! ભાગ્યે જ કોઈ આચાર્યને આવું સન્માન તેની શાળાએ દીધું હશે!

– **પ્રિ. નર્મદ ત્રિવેદી**

● આપશ્રીએ વિવેક અને નમ્રતાથી યાત્રા શરૂ કરી શિક્ષણ ફણગાવ્યું છે. તમારાથી શિક્ષક થઈ જવાયું, તમારાથી શિક્ષક તરીકે જીવી જવાયું અને તે છૂટવાનું પણ નથી. શિક્ષકત્વ તમારામાં અવિભાજ્ય છે. તમે શિક્ષણને સ્વધર્મ અને સ્વભાવધર્મ ગણ્યો છે. ત્યારે મારા જેવા અનેકને પશ્નો થાય છે કે શિક્ષણ કોણ આપી શકે? શિક્ષણ આપવાનો ખરેખરે અધિકાર કોનો? અનેક મિત્રો સાથે ચર્ચા વિચારણના અંતે પણ સંતુષ્ટ પ્રત્યુત્તર ન મળ્યો, પણ જ્યારે મનુભાઈના જીવનમાં ડોકિયું કર્યું ત્યારે તેનો સંતોષકારક પ્રત્યુત્તર મળ્યો.

– **ડૉ. કાનજીભાઈ વી. પટેલ**

● તેમનો પુણ્યપ્રકોપ કદી જોયો નથી. એમનાં જીવનમૂલ્યોનો ઉઘાડ આજે સર્વત્ર ફેલાઈ રહ્યો છે – તેમના બહુઆયામી વ્યક્તિત્વની સુગંધ સર્વત્ર ફેલાઈ રહી છે. તેમણે જ્યાં પણ કામ કર્યું ત્યાં પોતાની આગવી પ્રતિભા ઉપસાવી છે. શ્રી મનુભાઈ એક કર્મઠ સારસ્વત તરીકે શોભતા સ્વજન છે. શિક્ષણસેવા માટે તેઓ પારસમણિ પુરવાર થયા છે. તેમનો વિદ્યાર્થીઓ માટે પિતાશ્રીનો વાત્સલ્યભાવ, મિત્રો માટે કૃષ્ણ જેવો સખાભાવ, કર્મચારીઓ માટે માર્ગદર્શક ગુરુભાવ અને સમાજ માટે સેવકભાવ ધરાવતા સદાય મિતભાષી અને ફરજ પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવતા જોયા છે.

– **ડૉ. પ્રભુદાસ પટેલ**

● ગાંધીવિચારનો જીવનમાં અમલ કરી આપશ્રીએ ગાંધીમૂલ્યોને જીવંત રાખ્યાં છે. ચાણસ્માનગરની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, મેડિકલ, વગેરે સેવાકીય સંસ્થાઓના વિકાસ કાર્યોમાં સક્રિય રસ લઈ માર્ગદર્શક રહ્યા છો. આપશ્રી હાલમાં કેળવણી અને આરોગ્યક્ષેત્રે ખૂબ જ સારી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વિકાસ કરી રહ્યા છો. આપની સેવાઓ ખરેખર અમારા માટે પ્રેરણારૂપ છે. નિવૃત્તિ બાદ સરકાર તરફથી મળેલ ગ્રેજ્યુટી, પ્રોવિડન્ડ ફંડ, કોમ્યુટેડ પેન્શન વગેરે નાણાકીય રકમનું માતા-પિતાના નામે 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' બનાવી શિક્ષણ પ્રસાર, આરોગ્યસેવા, જરૂરિયાતમંદને આર્થિક સહાય જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરીને આપ યુવાપેઢીને પ્રેરણારૂપ થયા છો.

– **ડૉ. મણિભાઈ એસ. પટેલ**

● પૂજ્ય મનુકાકા સ્વભાવે સરળ, સહૃદયથી પ્રશ્નોને સાંભળનાર, કઠિન પરિસ્થિતિને કુનેહથી ઉકેલનાર, સતત કાર્યશીલ, કોઈ પણ કાર્યક્રમને ભવ્ય રીતે સંપન્ન કરવા ઝીણવટભરી બાબતોની કાળજી રાખતા, સૌને સાથે રાખી કામ કરતા પ્રત્યક્ષ જોવાની અને માણવાની અમને અનેક વાર તક મળી છે. કોઈના માટે ક્યારેય ઘસાતું ન બોલવું, સર્વ પ્રત્યે સમદૃષ્ટિ રાખવી તે તેમનો પ્રેરણા લેવા જેવો ગુણ છે.

*'કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,*
*પણ પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું વેરીશ હું.'*

આ પંક્તિ પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી છે તેમ કહેવામાં કશું જ ખોટું નથી. પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં એક-એક સદ્‌ગુણોને એકત્ર કરી સાધના કરી જીવનને સુગંધિત કર્યું છે. વિશ્વાસ અને શ્રદ્ધાનો ખજાનો એટલે શ્રી પૂજ્ય મનુકાકા. નિઃસ્વાર્થ સેવાનો ઘૂઘવતો સાગર એટલે પૂજ્ય મનુકાકા. વ્યક્તિ, સમાજ અને સંસ્થાના ઘડતર અને ચણતરના શિલ્પી એવા પૂજ્ય મનુકાકા.

– **શોભનાબેન બાબુભાઈ પટેલ**

● સૂરજ ઊગે અને સંધ્યાનું આગમન થાય દિવસ ક્યાં પસાર થાય તેની ખબર જ ન પડે..! સાયંની પ્રાર્થનાની અમે રાહ જોતા..! વિદ્યાર્થીઆશ્રમની આ અમારી પ્રાર્થના અમારા જીવનઘડતરનું ઊજળું પાસું છે. તેમ કહું તો જરાય અસ્થાને નથી. તે સમયે મધ્યમાં ખાદીના સાદા પહેરવેશમાં બેસતા શ્રી મનુદાદા એક મહાત્માસમ આજે પણ નજર સમક્ષ કેન્દ્રિત થાય છે. પૂજ્ય શ્રી મનુદાદા સાંજની પ્રાર્થનામાં અવશ્ય ઉપસ્થિત હોય... તેમના દ્વારા જીવનના ઘડતરનાં પ્રેરક પ્રવચનો માટે અમારી ઉત્કંઠતા તીવ્ર રહેતી અને પ્રાર્થના બાદ આ પ્રવચનોની ડાયરી બનાવવાની મારી ટેવ આજે પણ યાદ કરું છું અને વ્યવસાયમાં ક્યારેક મૂંઝવણ કે, માનસિક પરિતાપમાં, આ પ્રવચનો મને ઉત્સાહ અને મારાં મનોબળને મજબૂત બનાવે છે.

– **ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ**

● ચાણસ્મા જેવા સંવાદ કરતાં વિવાદ ને સંઘર્ષની ભૂમિકા માટે જાણીતા ને વિવિધ જૂથોમાં વહેંચાયેલા ગામમાં જાહેરસેવા કરવી તે લોઢાના ચણા ચાવવા જેવું કામ છે, છતાં મનુભાઈ ચાણસ્માની તમામ સંસ્થાઓમાં સૌને સાથે લઈને, સહકારથી જે કાર્ય કર્યું તે ચાણસ્માના ઇતિહાસમાં સદાય અંકિત રહેશે. દેવદર્શન જવાની ને માળા ફેરવવાની ઉંમરે પણ કાર્યરત રહીને તેમણે ગીતાના કર્મયોગને જીવનમાં સાર્થક કર્યો છે.

**– મણિલાલ એમ. પટેલ**

● અમારું સર્વ વિદ્યાલય આચાર્યપ્રવર શ્રી મનુભાઈ સાહેબ જેવા આચાર્ય મેળવીને ધન્યતા અને ગૌરવની લાગણી અનુભવે છે. તેમણે પુરોગામી આચાર્યશ્રીઓની ઋષિકુળ પરંપરાનો સુયોગ્ય નિર્વાહ કરીને સર્વ વિદ્યાલયને ભારે મોટું ગૌરવ બક્ષ્યું છે. તેમની નિવૃત્તિનાં પ્રાયઃ ૨૮ વર્ષ બાદ પણ તેમના આચાર-વિચારની સોડમ આજે પણ અનુભવવા મળે છે.

**– ડૉ. રમણભાઈ જી. પટેલ**

● પૂ. શ્રી મનુભાઈ સાહેબને એક કેળવણીકારની સાથે જ સંતપ્રકૃતિના અદના માનવી તરીકે પણ અનુભવ્યા છે. તેમનામાં શિક્ષકત્વ, આચાર્યત્વ અને મૅનેજમૅન્ટ ગુરુનો સહજમાં સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. સાહેબશ્રી વાદવિવાદ નહીં, પરંતુ સંવાદના પુરસ્કર્તા રહ્યા છે. વર્ગ-૪ના કર્મચારી સાથે પણ તેમનો વ્યવહાર પ્રેમભર્યો જોયો છે. તેમના સ્વભાવમાં ઉગ્રતા, હઠાગ્રહ કે સુપર પાવર જોવા મળેલ નથી.

**– ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

● તેમનામાં એક સાચા કેળવણીકારનાં દર્શન કર્યાં છે. આચાર્ય એટલે શું? અને સર્વ વિદ્યાલય માટે કેવા આચાર્ય હોવા જોઈએ તેનું તાદશ ઉદાહરણ એટલે પૂ. મનુભાઈ સાહેબ. ખાસ તો તેમની માનવીય સંવેદનશીલ પ્રકૃતિ, સ્પષ્ટ કથન, તટસ્થતા અને આ સાથે જ શિક્ષણના હિતમાં ઉચિત નિર્ણય લેવાનું સામર્થ્ય આવકાર્ય અને અનુકરણીય અનુભવ્યું છે.

**– કિરીટભાઈ આર. પટેલ**

● શ્રી મનુભાઈ સાહેબનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન અને સાહેબનો સંબંધ ગાંધીજી અને કસ્તૂરબા જેવો જ, સાહેબના બોલે પુષ્પાબેન જે કહે તે કામ કરતાં. સાહેબ અને પુષ્પાબેન વચ્ચે કાયમ હસી-મજાકની વાતો થતી અને સાહેબ મરક-મરક હસતા. તેમના નાનાભાઈશ્રી મહેશભાઈ અને સાહેબ જાણે રામ-લખનની જોડી હોય એવું આજ દિન સુધી મેં જોયું છે.

**– હરિલાલ વરમોરા**

● મનુપ્રસાદ! તમે અમારા જીવનમાં ઉજ્જ્વળ સગાં મળ્યાં તેથી અમારું જીવન અને કુટુંબ પણ ઉજ્જ્વળ થયું. તમારો ખૂબ પ્રેમ અને હૂંફ એક સ્નેહી-સગાં તરીકે મળ્યાં છે તેથી હું તો ધન્ય થયો છું.

**– પ્રહ્‌લાદભાઈ પટેલ**

● તેઓશ્રી વિચારશીલ, સંનિષ્ઠ, દીર્ઘદ્રષ્ટા આચાર્ય અને કેળવણીકાર રહ્યા છે. એમની સેવાઓની ફળશ્રુતિ એટલે આજનો અભિવાદનગ્રંથ. મનુપ્રસાદના સંસ્કારમાં દિવ્યતા, કર્મમાં શ્રેષ્ઠતા, સત્યતા અને પ્રામાણિકતા છે. વાણીમાં મધુરતા, હર્ષિત મુખતા, સંતુષ્ટતા, ધીરજ અને ઉદારતા જેવા દિવ્ય ગુણોનો ગુલદસ્તો એટલે મનુપ્રસાદ. આ ગુલદસ્તાની સુવાસ સંસારમાં ફેલાઈ રહી છે. મને પણ શ્રી મનુભાઈ મોટાભાઈના ભાતૃભાવથી સ્પર્શી ગયા છે.

**– કુ. ઇન્દુબેન પ્રહ્‌લાદભાઈ પટેલ**

● જિંદગીએ જે આપ્યું એ એમણે સ્વીકાર્યું. કોઈ ફરિયાદ નહીં ને કોઈ હરખ નહીં. રબનો ઋણસ્વીકાર કાયમ. અમોએ અમારા બાળપણમાં એમના મેજ પર પાંડુરંગ દાદાનું ગીતામૃતમ જોયું છે. સ્થિતપ્રજ્ઞતા એમનામાં સહજ આવી છે. મજરુહ સુલતાનપુરીના આ શબ્દો એમણે ચરિતાર્થ કર્યા છેઃ

दर्द भी हमें कुबूल, चैन भी हमें कुबूल
हमनें हर तरह के फूल, हार में पिरो लिए
जो भी प्यार से मिला, हम उसीके हो लिये ।

મારા માટે તો એ રામ છે, લક્ષ્મણ કે ભરતની પાત્રતાને લાયક બનવું અઘરું છે. એમનો પ્રેમ અમને અને અમારાં બાળકોને વિશેષ મળ્યો છે. અમે સૌ મોટાભાઈનાં ઋણી છીએ. વ્યક્તિ તરીકે એમણે એમના બધા જ કિરદારને ન્યાય આપવાની સતત મથામણ કરી છે. અમારા મોટાભાઈ ઉપવનસમા છે. જીવનભર એમણે સુગંધ પ્રસરાવી છે. એ વ્યક્તિ મટીને વિશ્વ માનવી બન્યા છે.

**– મહેન્દ્ર (મહેશ) જે. પટેલ**